ગાંધીનગર સમાચાર

તા. ૧૩-૪-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### ચૂંટણીપંચનું સમયસર કદમ

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વિશ્વાસુ સાથી અને ઉત્તર પ્રદેશના પ્રભારી અમિત શાહ તથા સમાજવાદી પાર્ટીના નંબર-ટુ ગણાતા પ્રભાવશાળી મુસ્લિમ નેતા આઝમખાનનાં વિવાદાસ્પદ નિવેદનો અને ભાષણો પરત્વે થયેલ ફરિયાદને પગલે કેન્દ્રીય ચૂંટણી પંચે ગંભીર નોંધ લઈ એમની જાહેરસભાઓ તેમજ રોડ શો પર પ્રતિબંધ ફરમાવ્યો છે. ચૂંટણી પંચના આવા કડક ચુકાદાથી ભારતીય જનતા પાર્ટી અને સમાજવાદી પાર્ટી બેઉની છાવણીમાં સોપો પડી ગયો છે. એક રીતે દેશની લોકશાહીના સાડા છ દાયકાના ઈતિહાસમાં દાખલારૂપ અને ઐતિહાસિક ગણી શકાય એવો આકરો નિર્ણય છે. અત્યાર સુધી અનેક નાની મોટી ચૂંટણીઓ થઈ છે, પરંતુ ચૂંટણી પંચે રાષ્ટ્રીય સ્તરના નેતાઓને આવી સજા કરી હોવાનું જાણમાં નથી. નરેન્દ્ર મોદીએ અગાઉની ચૂંટણીઓમાં સોનિયા ગાંધી માટે છેલ્લી કક્ષાના અપશબ્દોનો પ્રયોગ કર્યો હતો, વળી 'ચુન ચુન કે મારૂંગા' જેવી હિંસક ભાષા પણ વાપરી હતી, પરંતુ એમની એ બધી જ ભૂલો નજર અંદાજ કરવામાં આવી હતી. સાબરમતી એકસપ્રેસના જઘન્ય હત્યાકાંડનો બદલો લેવાની જોરશોરથી બુમરાણ મચાવાઈ હતી છતાં ચૂંટણી પંચે એની નોંધ સુધ્ધાં નહોતી લીધી. અહીં મુઝફ્ફરનગરનાં રમખાણોમાં શામલી ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને વડાપ્રધાનપદના ઉમેદવારના ખાસમખાસ ગણાતા અમિત શાહે જાટ સમુદાયની સભામાં એમના નવલોહિયા દિકરાઓને રહેંસી નાખનારા મુસલમાનો સામે રાજકીય પદ્ધતિથી બદલો લેવા માટે ભાજપને ભારે બહુમતીથી જિતાડી નરેન્દ્રભાઈને વડાપ્રધાન બનાવવાની રજૂઆત કરી હતી. સામે પક્ષે એવું જ આત્યંતિક વિધાન સમાજવાદી પાર્ટીના નેતા આઝમખાને કર્યું હતું. આઝમખાને મોદી વિરુદ્ધ લખી ન શકાય એવા અપશબ્દો વાપર્યા હતા. વળી કારગિલ યુદ્ધ મુસલમાન સૈનિકોએ જીતી બતાવ્યાનો દાવો પણ કર્યો હતો. ચૂંટણી પંચ સમક્ષ થયેલ ફરિયાદો અન્વયે આખરે આ બેઉ કડવાબોલા નેતાઓને ઉત્તરપ્રદેશમાં સભાઓ કે રોડ શો નહીં કરવા દેવાનો કડક આદેશ અપાયો છે. ભાજપ માટે ઉત્તરપ્રદેશ ખૂબ મહત્વનું રાજય છે. અમિત શાહ ચૂંટણીનાં સોગઠાં ગોઠવવામાં માહેર છે અને ક્યાં, કયારે, કેવો મુદ્દો ઉછાળવો તે એમને શીખવવું પડે એમ નથી. ઉત્તરપ્રદેશમાં પગ મૂકતાંની સાથે એ રામજન્મભૂમિમાં રામલલાનાં દર્શન કરવા પહોંચી ગયા હતા અને પછી નરેન્દ્ર મોદીને વિકાસ પુરુષ તરીકે પ્રોજેકટ કરવાની સાથે જ હિંદુ હૃદય સમ્રાટ તરીકે પણ એમને ઊપસાવવાનો પ્રયાસ કરતા રહ્યા હતા. અમિત શાહનું પગેરું લઈ મોદીનો અસલી ચહેરો બેનકાબ કરવા માટે રાહુલ ગાંધીના સલાહકાર અને ગુજરાત કોંગ્રેસના નેતા મધુસુદન મિસ્ત્રીને કોંગ્રેસે ઉત્તરપ્રદેશનું ચૂંટણી સુકાન સુપરત કર્યું હતું. નરેન્દ્ર મોદી સામે કોઈ સક્ષમ ઉમેદવાર નહીં મળતાં મિસ્ત્રીને વડોદરાના ઉમેદવાર બનાવાયા છે. સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહ મોટ આ ચૂંટણી એમની અંતિમ ઈચ્છા બર આણવા માટેનો સોનેરી અવસર સાબિત થઈ શકે એમ નથી. નબળી પડી ગયેલી કોંગ્રેસ જરૂરી બહુમતી ન મેળવી શકે અને ભાજપ પણ એના એનડીએ સમર્થકો સહિત ૨૭૨ના જાદુઈ આંકડાને ન સ્પર્શી શકે તેવા સંજોગોમાં ત્રીજા મોરચાના નેતા તરીકે મુલાયમસિંહ વડાપ્રધાનપદનો દાવો કરી શકે એમ છે. આ માટે એમને ઉત્તરપ્રદેશમાં શકય એટલી વધારે બેઠકો જીતવી જરૂરી છે, જે આઝમખાન જેવા પ્રસ્થાપિત મુસ્લિમ ચહેરાને સાથે રાખીને જ જીતી શકાય એમ છે. અમિત શાહ અને આઝમખાનની લગોલગ કડવી વાણી બોલવામાં નિષ્ણાત કોંગ્રેસી નેતા બેનીપ્રસાદ વર્માનો પણ ચૂંટણી પંચે જવાબ માગ્યો છે. પરંતુ શું ચૂંટણી પંચનું આવું આકરું વલણ નેતાઓની સાન ઠેકાણે લાવી શકશે ખરું? લાખ રૂપિયાનો સવાલ હોય તો તે આ છે!

# મૂલ્યાંકન કેન્દ્રમાં ઉત્તરવહી ગણવામાં જ આવી ન હતી

## ઉત્તરવહીઓના સંદર્ભમાં દરરોજ નવી નવી વિગતો ખુલી

અમદાવાદ, તા.૧૨

વડોદરામાં ધોરણ-૧૨ની ગુમ થયેલ ઉત્તરવહીઓનો દિન પ્રતિદિન નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. છેલ્લે મળતી માહિતી મુજબ હાલોલના એમ.એસ. હાઈસ્કુલ ખાતેના ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃત વિષયના મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર ખાતે લાવવામાં આવી હતી. પરંતુ કેન્દ્રના નિમાયકે માત્ર બોર્ડના નિયમ આદેશ મુજબ જ સંસ્કૃતની ઉત્તરવહીઓના માત્ર ૮૩ થેલા જ ગણ્યા હોવાનું તેમજ થેલાની અંદર ઉત્તરવહીઓની સ્થિતિ શું છે ? તેની સાથે કોઈ છેડછેડા છે કે કેમ. તે જોવાની તસ્દી ન લેવાઈ હોવાની વિગતો બહાર આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલોલની એમ.એસ. હાઈસ્કુલ ખાતે ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃત વિષયની ઉત્તરવહીઓ તપાસવા માટે મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર આપ્યું હતું. જયાં પરીક્ષાની ઉત્તરવહીઓ પહોંચાડવા માટે ગત તા. ૨ એપ્રિલના દિવસે જ બોર્ડની કચેરી ખાતેથી બોર્ડનો પટાવાળો સ્નેહલ વાણીયા સહિતનો સ્ટાફ સંસ્કૃત વિષયની ઉત્તરવહીઓ ૮૩ થેલામાં લઈને નીકળ્યો હતો. બોર્ડના પાટવાળા સ્નેહલ વાણીયા સહિતના સ્ટાફે એમ.એસ. હાઈસ્કુલ ખાતેના મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રના ઈન્ચાર્જ નિયામક મુકેશરાજ સોલંકીને ઉત્તરવહીઓના ૮૩ થેલા સોંપ્યા હતા જયાં ઈન્ચાર્જ નિયામક મુકેશરાજ સોલંકીએ બોર્ડના નિયમ મુજબ માત્ર ઉત્તરવહીઓ લઈને આવેલા થેલા જ ગણવાના હોઈ તેમમે કાગળમાં જણાવેલી સંખ્યા પ્રમાણે ૮૩ થેલા ગણીને તેના પર સહી કરીને બોર્ડના પટાવાળા સ્નેહલ સહિતના સ્ટાફને આપી દીધો હતો.

બોર્ડના સ્ટાફ પાસેથી ઉત્તરવહીઓના થેલા લીધા બાદ ૩ તારીખથી ઉત્તરવહીઓ તપાસવાની શરૂ થનાર હોઈ તેમણે સ્ટ્રોંગ રૂમમાં મુકીને તેને સીલ કરી દીધો હતો. જો બોર્ડે ઉત્તરવહીઓના ૮૩ થેલા ગણવાને બદલે તેની અંદરની સ્થિતિ શું છે અને ઉત્તરવહીઓની હાલત શું છે તે જોવા દીધી હોત તો કદાચ બોર્ડને મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર ખાતેથી ૭૨ ઉત્તરવહીઓ ગુમ થઈ છે તેની જાણકારી મળી શકી હોત.

# સ્કુલ ફી ન ભરી શકનારને પરીક્ષામાં બેસવા ન દેવાઈ

## વિદ્યાર્થીનીને સ્કૂલમાંથી કાઢી મુકવામાં આવતા શિક્ષણ જગતમાં ચકચાર : મણિનગરમાં આવેલી સ્કૂલનો બનાવ

અમદાવાદ, તા.૧૨

સ્કુલ ફી મામલે શાળા સંચાલકોની દાદાગીરીનો વધુ એક કિસ્સો અમદાવાદમાં પ્રકાશમાં આવ્યો છે. જેમાં શાળાની ફી ન ભરી શકવાને કારણે વિદ્યાર્થીનીને સ્કુલમાંથી કાઢી મુકવામાં આવતા શિક્ષણ જગતમાં ચકચાર મચી જવા પામી છે. મણીનગર વિસ્તારમાં આવેલી એન.સી. પટેલ વિદ્યામંદિર ધોરણ-૬માં અભ્યાસ કરતી એક સામાન્ય પરિવારમાંથી આવતી વિદ્યાર્થીની સ્કુલ ફી ન ભરી શકવાને કારણે તેણીને પરીક્ષાથી બાકાત રખાતા વિદ્યાર્થીની અને તેના પરિવારજનોમાં પ્રચંડ રોષ ફેલાયો છે. વાલીઓએ સ્કુલના સંચાલકો સામે શિક્ષણ વિભાગમાં ફરીયાદ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ આ વિદ્યાર્થીની પોતાની ખરાબ આર્થિક સ્થિતિના કારણે સમયસર સ્કુલની ફી ન ભરતા તેના ભવિષ્ય સાથે સ્કુલના સંચાલકો ચેડા કરી રહ્યા છે. વિદ્યાર્થીના વાલી અજયકુમાર વર્માએ જણાવ્યું હતું કે મણીનગરથી જશોદાનગર વિસ્તાર તરફ જવાના રસ્તે ગોરા કુવા પાસે એન.સી. પટેલ વિદ્યામંદિર આવેલ છે. આ સ્કુલમાં મારી ત્રણ પુત્રીઓ અને એક પુત્ર અભ્યાસ કરે છે. મારા આ કુલ ચાર સંતાનોની એક વર્ષની આશરે ૧૨૨૬૦ થી વધુ રકમની ફી ભરવાની બાકી હોવાથી મારી ધોરણ-૭માં અભ્યાસ કરતી પુત્રી સોનિયા વર્માને આજે યોજાયેલી પરીક્ષા આપવા દેવામાં આવી ન હતી. આ અંગે સ્કુલના સંચાલક જગદીશભાઈ પટેલને એક અઠવાડીયામાં ફરી ભરી દઈશ વિદ્યાર્થીનીને પરીક્ષા આપવા માટેની મંજુરી આપો તેવી વિનંતી કરી હોવા છતાં મારી પુત્રીને પરીક્ષામાં બેસવા દેવાયા ન હતા. પરીણામે અમારી હાલત કફોડી બની ગઈ છે. જો કે સ્કુલના સંચાલકોનું કહેવું છે કે, સ્કુલની ફી ભરાશે ત્યારે જ વિદ્યાર્થીઓની પરીક્ષા આપવા દેવામાં આવશે. આ આશ્ચર્યની વાત તો એ છે કે વર્ષોથી સ્કુલ ચલાવતા સ્કુલના સંચાલકો વિદ્યાર્થીઓને ભણાવીને અહેસાન કરતાં હોય તે રીતે વ્યવહાર કરતા નજરે પડ્યા હતા. આ ઉપરાંત સંચાલકોએ મિડીયા સાથે પણ દુર્વ્યવહાર કર્યો હતો.

### આર્ટ એકસલ કોર્સની ૨૧મી એપ્રિલે શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા ધોરણ-૪થી ધોરણ-૭માં ભણતા બાળકો માટે આર્ટ એકસલ કોર્સનું આયોજન તા. ૨૧ થી ૨૬ એપ્રિલ સુધી માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલમાં કરવામાં આવેલ છે. શિબિરમાં યોગ, પ્રાણાયમ, ધ્યાન, રમતો, શ્લોકો, વાર્તાઓ, શ્વાસોશ્વાસની લયબદ્ધ ક્રિયાઓ કરાવવામાં આવશે. શિબિરમાં જોડાવવા માટે સુરેશભાઈ પરમાર ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવેલ છે.

### આવતીકાલે દલિત સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે તા. ૧૪મી એપ્રિલના રોજ સાંજે ૪.૩૦ કલાકે સંત રોહિતદાસ મંદિર સેકટર-૬માં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશે પરિસંવાદ અને કવિ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. પરિસંવાદમાં જાણીતિ ચિંતક ચંદુભાઈ મહેરિયા અને દલિત સાહિત્યકાર બી.કેસર શીવમ વ્યકતવ્યો રજૂ કરશે. કવિઓ આ પ્રસંગે કાવ્ય રચનાઓનું રસપાન કરાવશે. પ્રમુખ પ્રવીણભાઈ શ્રીમાળીએ આમંત્રણ પાઠવેલ છે.

### આજે સાહિત્ય સભાની સભા મળશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સાહિત્યસભાની માસિક બેઠક આજ રોજ રવિવારે સાંજે ૫-૦૦ કલાકે સેકટર-૧૧ ખાતેના નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. સભામાં સાહિત્યકારો પોતાના દ્વારા રચિત અને અપ્રકાશિત કાવ્યકૃતિઓ, ગઝલો, લઘુકથાઓ રજુ કરી શકે છે. તેમજ 'શબ્દસેતુ'માં પ્રકાશિત કરવા માટે સાહિત્યકારોની કૃતિઓની સ્વચ્છ નકલો લઈ સભામાં ઉપસ્થિત રહેવું. સભામાં સાહિત્યસભાના પદાધિકારીઓ-સભ્યોએ ઉપરોકત સ્થળે હાજર રહેવા જણાવાયું છે.

## હરિની દૃષ્ટિ...



આને ચૂંટણી પ્રચારમાં લઇ જાવ, ત્યાં જ એની કેરીયર બને એમ છે. સવારે જ તમારા ખિસ્સામાંથી સો ની નોટ લેતા પકડ્યો હતો...!!!

# સે. ૮ની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

નગરના સેક્ટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં તા. ૨૧ એપ્રિલથી તા. ૨૪મે સુધી સમર કોચીંગ કેમ્પ યોજવામાં આવશે. બોર્ડની અને શાળાકીય પરીક્ષાઓ પૂર્ણતાને આરે છે. વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન સ્પોર્ટસમાં રસ ધારવે અને રમત પ્રત્યે રૂચિ ધરાવતા બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવતું હોય છે.

શહેરના સેક્ટર-૮ની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં તા. ૨૧ એપ્રિલથી તા. ૨૪મે દરમિયાન સમરકેમ્પ યોજાશે. જેમાં વિદ્યાર્થીઓને ફૂટબોલ, ક્રિકેટ, બાસ્કેટબોલ, સ્કેટીંગ, ચેસ, રાઈફલ, શૂટીંગ અને એક્ટીવીટી કરાવવામાં આવશે. સમરકેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન સ્કૂલ ખાતેથી ફોર્મ મેળવી લેવાના રહેશે.

# સતત બીજા દિવસે પણ જેઈઈનું આયોજન થયું

## જેઈઈની ઓનલાઈન પરીક્ષા આપવા માટે ૧૯ એપ્રિલ વિદ્યાર્થીઓ માટે છેલ્લી તક

અમદાવાદ, તા.૧૨

દેશની ટોચની આઈઆઈટી અને ઈજનેરી કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે ફરજીયાત એવી જેઈઈની ઓનલાઈન પરીક્ષા આજે સતત બીજા દિવસે લેવાઈ હતી. જેઈઈ મેઈનની ઓફલાઈન પરીક્ષા પૂર્ણ થયા બાદ ચાર અલગ અલગ તારીખો જેઈઈની ઓનલાઈન પરીક્ષા માટે ફાળવવામાં આવી હતી. જેમાં આજે સતત બીજા દિવસે લેવાયેલ પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી ત્યારે રજીસ્ટ્રેશન કરાવ્યા છતાં પરીક્ષા આપી હોવા તેવા અંદાજે ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે આગામી ૧૯ એપ્રિલના રોજ પરીક્ષા આપવાની છેલ્લા તક રહેશે. ઉલ્લેખનીય છે કે એન્જીનીયરીંગમાં જવા માંગતા વિદ્યાર્થીઓ દેશભરની જાણીતી કોલેજોમાં પ્રવેશ ફાળવવા માટે રાષ્ટ્રીય કક્ષાએ જેઈઈની પરીક્ષા લેવામાં આવે છે. જે અંતર્ગત જેઈઈની ઓફલાઈન પરીક્ષા ગત રવિવારે લેવામાં આવી હતી.


# હમ હૈ નયે... અંદાજ ક્યું હો પુરાના ?

શ્રહો બેબી ડોલ મૈ સોને દી... હો બેબી ડોલ મૈ સોને દી..ૡ કે પછી શ્ર...પુરા લંડન ઠુમકડ... ઠુમકડા... ઠુમકડા...ૡ થી લઈને લેટેસ્ટ હીટ શ્રલોચા-એ-ઉલ્ફત હો ગયા...ૡ આપોઆપ નાચવા મજબુર કરી મુકતા આ હિન્દી ફિલ્મી ગીતોની ધૂન પર તમે સ્થળ કે સમય જોયા વગર ઘણી વાર નાચી લીધું હશે અરે કોઈના મોબાઈલ પર કોલ આવતા જ રીંગટોન તરીકે વાગી પડતા આ ગીતોની સાથે અનાયાસે ગણગણી પણ ઉઠ્યા હશો જ, પણ હમણા એમ પુછું કે આ મદહોશ કરી મુકતી ધુનો બનાવનાર કે એને લખનાર અને ગાનાર કોણ છે તો તમારામાંથી કેટલાનો જવાબ પાચ કરોડ રૂપિયા જીતાવનારો હશે? મુશ્કિલથી એકાદ-બે ની જ આંગળી ઉંચી થશે. જી હા... આ છે હિન્દી ફિલ્મોના નવા અને ફ્રેશ અવાજો.. ગીતકારો... સંગીતકારો અને દિગ્દર્શકો. એકદમ તાજા હવાની લહેરખી જેવા.... થોડા હટકે... ને છતાય સમધુર... સાંભળવા, જોવા અને ગણગણવા ગમે એવા.. કર્ણપ્રિય અને સૌથી અગત્યનું કે ઈટ્સ હીટ.... સુપરહીટ...!!!

હિન્દી સિનેમા અને હિન્દી સિનેમાનું સંગીત ભારતીય સમાજનું એક અગત્યનું અંગ છે. આપણે ત્યાં કહેવાય છે કે બે જ ન્યુઝ વેચાય અને વંચાય છે- એક પોલીટીક્સ અને બીજું બોલીવુડ. બાત મેં દમ હૈ બીડું ચોપ્રત્ત્ઓ, ધાઈઓ કે ભટ્ટોથી આગળનો એક જમાનો આવી ગયો છેગત્ત્વ. નદીમ- શ્રવણો, જતીન-લલીતો, વિશાલ - શેખરો કે શંકર-એહસાન -લોયના આ નવા વંશજો છે. આ છે કુમાર શાનું. સોનું નિગમ અને શ્રેયા ઘોશાલોના ઉત્તારાધિકારીઓ. નવા અને યુવાન અને તાજગીથી ભરપુર. ચાહે દિગ્દર્શન હોય, ચાહે સંગીત હોય કે પછી હોય પ્લેબેક સિંગિંગ બોલીવુડ મા નવી લહેર ચાલુ છે અને એ પણ પુરજોશ મા. હા એ અલગ છે કે આપણામાંથી ઘણા બધા હીટ અને હટકે ફિલ્મને થીયેટરમા જોતી વખતે જે તાળીઓ પાડીએ છીએ એમટી મોટાભાગની તાળીઓના હક્કદાર છે આ યુવા હવાના સર્જકો... આ નવી સોચ અને નવી દ્રષ્ટિના માલીકો. ચાલો એક નજર ઉન પે ભી હો જાયે..!

શરૂઆત કરીએ દર્શકોને ૫૦૦ વોલ્ટનો ઝટકો આપનાર કરન્ટ હીટ શ્રક્વીન થી. ૨૧ વર્ષની પ્યોર પંજાબી ગર્લ રાનીની જાત સાથેની મક્કમતાવાળી જાત્રાની વાત કરતી આ હીટ ફિલ્મમા કેટકેટલી નવી સોચ સામેલ છે. ચિલ્લર પાર્ટી જેવી મસ્ત ફિલ્મ બનાવીને બેસ્ટ સ્ક્રીનપ્લેનો રાષ્ટ્રીય એવોર્ડ જીતનાર વિકાસ બહેલની પોતે જ દિગ્દર્શિત કરેલી તો આ પ્રથમ ફિલ્મ જ હતી કેમકે ચિલ્લર પાર્ટીમા તો એના સિવાય પણ બીજા દિગ્દર્શકો હતા. ૪૨ વર્ષના વીકાસે ક્વીનને દિગ્દર્શિત જ નહિ પણ સ્ક્રીનપ્લે પણ લખેલો અને -ોડ્યુસ પણ કરેલી. એકલા જ હનીમુન કરવા યુરોપ ઉપડતી કંગનાની દીલને છું લેતી કહાનીવાળી ક્વીન પછી એક આખું ફેમીલી લગ્ન માટે યુરોપ જાય છે એવી કૈક હટકે વાત કહેતી વિકાસની નવી ફિલ્મનું નામ છે શ્રશાનદારૡ કંગનાને રાતોરાત ટોપ રેકેટમા પહોચાડનાર આ મસ્ત ફિલ્મમા જ કેટલી બધી તાજી લહેરખીઓ હતી. આપણા ગુજ્જુ અમિત ત્રિવેદીનું સુપરહીટ સંગીત એ ક્વીનને કિંગની કક્ષામાં મૂકી દીધું. અમીતભાયને ઈન્ડસ્ટ્રીમા આવ્યે કઈ બહુ સમય નથી થયો તો પણ ટૂંકા જ સમયમા આ યુવાનના ખાતે ઈશ્કજાદે (મૈ પરેશાન... હુઆં છોકરા જવાન રે.. જલ્લાહ વલ્લાહ) કાયપો છે (માંજા) આઈશા (ગલ મીઠી મીઠી બોલ) અને દેવ ડી નું અફલાતુન શ્રતેરા ઈમોશનલ અત્યાચારૡ જેવા અનેક કર્ણપ્રિય અને હટકે સોંગ બોલે છે. આ જ ક્વીનમા હતું યુવા દિલોના ચહિતા અરીજીતસીંઘનું તાકે જાકે. અહા તાજી હવાની લહેરખી જેવું સંગીત અને અરીજીતનો મસ્ત અવાજ.

અરીજીત એ બોલીવુડનો નવો કિશોરકુમાર છે એમ કહીયે તો અતિશયોક્તિ નથી. ફક્ત ૧૮ જ વર્ષની ઉંમરે અરીજીતે સોની ટીવીના રીયાલીટી શો ફેમ ગુરુકુલ મા જમ્પ્લાવેલું જો કે એ વીજેતા તો નહોતો બની શક્યો પણ એ શો ના ઓડિયન્સનો ખુબ -મ એને મળ્યો અને એ જ શો ના એક જજ શંકરની આખોમા વસી ગયો. શંકરે એને હાઈસ્કુલ મ્યુઝીકલ-૨ આલ્બમમા તક આપી. થોડી ટીવી સીરીયલોના ટાઈટલ ટ્રેક.. મર્ડર-૨, કોકટેલ, પ્લેયર્સ જેવી ફિલ્મોમા એકાદ બે ગીતો ગાઈ ચુકેલા આ વર્સેટાઈલ સિંગરનો જમાનો આવ્યો આશિકી-૨ થી. નેશનલ ક્રેઝ બની ચુકેલા આશિકી-૨ ના ગીતોએ અરીજીતને સફળતાના સીન્હાશને બેસાડી દીધો. અરીજીત શ્રસુનો ના સંગેમરમરૡ ગાઈ શકે છે એટલી જ આસાનીથી અત્યારે થીયેટરોમા ચાલી રહેલા મૈ તેરા હીરો નું રમતિયાળ શ્રતેરા હીરો ઈધર હૈૡ, રજનીકાંતની આગામી ફિલ્મ શ્રકોચાદીયાનૡ નું શ્રદીલચસ્પીયા અને હાર્ટ લેસ નુંૡ મૈ ઢૂંઢને જમાને મેં ખુદા નિકલાૡ પણ ગાઈ શકે છે. મૈ રંગ શરબતો કા, યે જવાની હૈ દીવાનીના અફલાતુન કબીરા, દિલ્હીવાલી ગર્લફ્રેન્ડ અને ઈલાહી મા એના અવાજની વિવિધતા કોણ ભૂલી શકે?



રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

અરીજીત અને ગાયકોની વાત નીકળી જ છે તો ચાલો પરિચય કરીએ આજના તાજ્જા તાજ્જા ગાયકોનો. લેખની શરૂઆતમા જ ઉલ્લેખ કર્યો એ લોચા-એ-ઉલ્ફતનો ગાયક ૨૬ વર્ષીય બેની દયાલ. એ આર રહેમાન ના આ ચહિતા ગાયકે ૨૦૦૬મા જાને તુ યા જાને ના થી હિન્દી ગીતો ગાવાનું શરુ કર્યું. વેકેન્સી (ગોલમાલ રિટર્ન્સ), તુ મેરી દોસ્ત હે (યુવરાજ), કૈસે મુજે (ગજની) આ લખનાર નું ગમતું યુ એન્ડ મી (પ્યાર ઈમ્પોસિબલ)થી લઈને અનેક સુપરહીટ ગીતો ગાનાર આ ગાયકના લેટેસ્ટ હીટ છે બદતમીજ દીલ અને યારીયાનું એબીસીડી. આવા જ બીજા વારંવાર સંભળાતા પણ મોટાભાગે અજાણ્યા નામોમા એક છે એશ કિંગ. મૂળ બંગાળી અને આશુતોષ ગાંગુલી જેનું મૂળ નામ છે એવા આ ગાયકને આપણે દમ મારો દમના મસ્ત ગીત તે આમો અને બોડીગાર્ડનું સુપરહીટ આઈ લવ યુ મા સાંભળી ચુક્યા છીએ. આવું જ એક નામ છે અરમાન મલિક. સંગીતકાર અન્નુ મલિકના આ ભત્રીજાએ ૨૦૦ જેવી જાહેરાતો માટે ગાયું છે. સલમાનની જય હો અને ભૂતનાથ જેવી ફિલ્મોમા આપણે એને સાંભળ્યો છે. સંગીતકારોની નવી પેઢીની જ વાત નીકળી છે તો એક નામ છે સિદ્ધાર્થ મહાદેવન. સુ-સિદ્ધ સંગીતકાર શંકર મહાદેવનના આ ૨૦ વર્ષીય પુત્ર એ ભાગ મિલ્ખા ભાગનું શાનદાર ગીત ઝીંદા હૈ તો ગાયેલું. ધૂમ-૩ નું મલંગ સાંભળ્યું છે ને? એનો ગાનાર પણ આ લવરમુછીયો જ હતો. ૨-સ્ટેટ્સ નું હુલ્લા રે સાંભળી લેજો યુ વિલ લવ હીઝ વોઈસ..!! આ ઉપરાંત ૨૯ વર્ષીય મોહમ્મદ ઈરફાન (બારીશ- યારીયા/બહેને દે - રાવણ/ફિર મુહોબ્બત- મર્ડર-૨), પાકિસ્તાની ક્લાસિકલ સિંગર સફાકત અમાનત અલી (મિતવા - કભી અલવિદા ના કહેના/ તેરે નૈના - માય નેઈમ ઈઝ ખાન /તુ હી મેરા - જન્નત ૨/અલ્લાહ વારિયા- યારીયા). અમિતાભ ભટ્ટાચાર્ય(ઓફ્ફો- ૨ સ્ટેટ્સ/ તેરા રસ્તા છોડું ના - ચેન્નાઈ એક્ષ-સ / પ્યાર કી પુંગી- એજન્ટ વિનોદ) અભિતાભ તો પાછો ગીતકાર પણ છે એણે ધૂમ-૩, ફટા પોસ્ટર, શાદી કે સાઈડ ઈફેક્ટસ, હસી તો ફસી અને આગામી ૨-સ્ટેટ્સ જેવી અનેક ફિલ્મો માટે ગીતો પણ લખ્યા છે.

આ તો થઈ થોડા નવા અને સતત સંભળાતા મેલ વોઈસની વાત. લગે હાથ નવી ફીમેલ વોઈસીસને પણ યાદ કરી લઈએ . ઈન્ડિયન આઈડોલની સીઝન ૨ મા ભાગ લેનાર નેહા કક્કર પણ એક ઉગતો અને સુમધુર અવાજ છે. સેકન્ડ હેન્ડ જવાની (કોકટેલ), ધતિંગ નાચ (ફટા પોસ્ટર..), જાદુ કી જપ્પી (રમૈયા વસ્તાવૈયા) સન્ની સન્ની (યારીયા) થી લઈને લેખની શરૂઆત મા લખેલ પુરા લંડન ઠુમકડા... ઠુમકડા... ઠુમકડા જેવા ગીતોને ગાનાર છે આ નેહા કક્કર. રામલીલાના ધમાકેદાર ગીત રામ ચાહે લીલા ચાહે... ગાનાર આપણી ગુજ્જુ ભૂમિ ત્રિવેદીને કેમ ભુલાય? ભૂમિ પણ બોલીવુડના આગામી સંગીતમય સફરનો ચોક્કસપણે એક હિસ્સો બનવા જઈ રહી છે. ચેન્નાઈ એક્શ્-સ્સના તીતલી ગીત માટે ૨૦૧૩નો મીર્ચી મ્યુઝીક એવોર્ડ જીતનાર ચિન્મય શ્રીપદા એકાદ દસકાથી ગાયકી ક્ષેત્રે છે. સાઉથ ફિલ્મોની આ સિંગિંગ મહારાણી એ વચ્ચે વચ્ચે મંગલ પાંડે કે ગુરુ ફિલ્મના ફેમસ ગીત મૈયા મૈયા દ્વારા હિન્દીફિલ્મ ગાયકીમા પોતાની હાજરી પુરાવતી રહી છે. બીજું એક નવું અને ઉભરતું નામ છે ફક્ત ૨૦ જ વર્ષની અને અમુલ સ્ટાર વોઈસ ઓફ ઈન્ડિયા - છોટે ઉસ્તાદની રનર્સઅપ અન્વેષા દત્તા અન્વેષાના ચોપડે ઠા કરકે (ગોલમાલ રિટર્ન્સ) અને રાંઝણાનું કર્ણપ્રિય ગીત બનારસીયા જમા છે તો પુરા જોશ-ઓ-ખરોશથી ફરીથી મુવી મેકિંગમા જંપલાવનાર શોમેન શુભાશ ઘાઈની આગામી ફિલ્મ કાંચી મા અન્વેષાના ગીતો સાંભળવા જેવા છે. તમે વારંવાર ગણગણેલું સલમાન ની જય હો નું શ્રતુ નથી તો ફોટોકોપી પણ ચાલશેૡ કે અરીજીત સાથે ગાયેલું આર.રાજકુમારનું ટચી સોંગ શ્રધોખાધડીૡ ખબર છે કોણે ગાયું છે એ? નહિ ને? એની ગાનાર છે પલક મુચ્છલ. ફક્ત ૨૨ જ વર્ષની આ મૂળ મધ્ય-દેશની ગાયિકા એ ટાઈટલ સોંગ (દમાદમ). લાપીત્ત (એક થા ટાઈગર) મેરી આશિકી અને ચાહું મૈ આના (આશિકી - ૨) કે હિમેશની નેકસ્ટ ફિલ્મ ધ એક્સપોઝનું આઈસ્ક્રીમ ખાઉંગી જેવા ગીતો ગાયેલા છે. રઘુપતિ રાઘવ(ક્રીસ -૩), લવ મી થોડા (યારીયા) અને લુટેરાનું અતિ મધુરતા ભર્યા અવાજમા શ્રસંવાર લુૡ ગાનાર મોનાલી ઠાકુર હિન્દી ફિલ્મી ગાયકીની ભવિષ્યની શ્રેયા ઘોષાલ છે. ૨૦૦૬થી સિંગિંગ શરુ કરનાર મોનાલી લાઈમલાઈટમા આવી રેસના હીટ ગીતો શ્રજરા જરા ટચ મી ટચ મી ટચ મીૡ અને શ્રખ્વાબ દેખેૡ થી. ત્યાંથી શરુ થયેલી મોનાલીની ગાયકીની સફર તુને મારી એન્ટ્રી યાર સુધી અવિરત ચાલુ જ છે. ૨૮ વર્ષની મોનાલીને લુટેરાના ગીત માટે ફિલ્મફેરનો બેસ્ટ પ્લેબેક સિંગરનો એવોર્ડ મળી ચુક્યો છે. નવી લહેરની વાત તુલસીકુમારના ઉલ્લેખ વગર અધૂરી ગણાશે. કેસેટકિંગ સ્વ. ગુલશનકુમારની આ પુત્રી અને અત્યારના ટી-સીરીઝના રાજા ભુષણકુમારની આ બહેને અનેક મધુર ગીતો ગયેલા છે. તેરે બિન ચૈન ના આવે (કર્ઝ - નવું ), લવ મેરા હીટ હીટ (બિલ્લુ બાર્બર), તુમ જો આયે જીન્દગી મેં (વન્સ અપોન એ ટાઈમ..) સાંસો ને (દબંગ - ૨ ) અને હમ મર જાયેંગે (આશિકી - ૨ ). ટી-સીરીઝ દ્વારા નિર્મિત લગભગ બધી જ ફિલ્મોમા તુલસીકુમારના ગીતો અભિન્ન અંગ હોય છે. અલકા યાજ્ઞિક, કુમાર સાનું, ઉદિત નારાયણ, કે.કે., મોહિત ચૌહાણ, શ્રેયા ઘોષાલ, સુનિધિ ચૌહાણ, સોનું નિગમ, મીકાસીંઘ કે આપણા હિમ્મેશભાયને અહી એટલા માટે યાદ નથી કર્યા કે એ સ્થાપિત કલાકારોની સુમધુર પરમ્પરાને આ લોકો આગળ લઈ જઈ રહ્યા છે. આ બધા છે આવતીકાલ ના અવાજો જે આજ મા ગુંજી રહ્યા છે. નવા અને અલગ!!!!

અગેઈન નવા અને યુવાન ચહેરાઓએ બોલીવુડને નાવીન્યતા બક્ષી ફિલ્મ આશિકી-૨ એ. નવોદિત આદિત્ય રોય કપૂર અને આઉં લલીતા વાળા શકતીકપૂરની છોરી શ્રધ્ધા કપૂર રાતોરાત હીટ. આ જ ફિલ્મમાં અનેક સંગીતકારોમા એક હતો મીથુન. ૨૦૦૬ થી નવા -યોગો કરતો રહેતો આ સંગીતકારે યારીયા ફિલ્મમાં બારીશ નામનું કર્ણપ્રિય ગીત આપેલું. લગભગ ૨૦૦ ફિલ્મોમા બેક ગ્રાઉન્ડ સંગીત આપી ચુકેલા આ સંગીતકાર પાસેથી આવનારી ફિલ્મોમા સમધુર સંગીતની આશા અસ્થાને નથી જ. અગાઉ અમિત ત્રિવેદીની વાત થઈ ચુકી છે એ જ રીતે બીજું નામ છે રામ સંપતનું. ૩૬ વર્ષીય આ મ્યુઝીક કમ્પોઝરે તાજેતરમાં જ રીલીઝ થયેલી ભૂતનાથ રિટર્ન્સ પહેલા તલાશ અને દિલ્હી બેલ્લી અને ફૂકરે જેવી ફિલ્મોમા હટકે સંગીત આપેલું જ છે. યાદ છે ને ભાગ ડી.કે. ભાગ અને સ્વીટી તેરા પ્યાર. ફરીથી રામ સંપત અને આમીરખાનની જોડી જોવા મળશે પી.કે. મા. તુને મારી એન્ટ્રી યાર વાગતા જ કેટલી બધી સીટીઓ પડી જતી એ ગુંડે ના હીટ મ્યુઝીકને બનાવનાર છે સોહેલ સેન. ૨૦૦૮મા -થમ હિન્દી ફિલ્મ કરનાર આ સંગીતકાર છે મહજ ૨૯ જ વર્ષ નો. ૨૦૦૮ મા સિર્ફ ફિલ્મથી કેરિયર શરુ કરનાર આ -તીભાશાળી સંગીતકારની બહુ નોંધ ના લેવાઈ . ગુંડેની સફળતા પહેલા એના નામે ફક્ત વોટ્સ યોર રાશી જ બોલતી હતી . શું છે શું છે મને કહી દ્યો? યાદ છે ને આ ગીત. જો કે સલમાનની એક થા ટાઈગર અને અલી જાફરીની મેરે બ્રધર કી દુલ્હનનું સંગીત વખણાયેલું. ૩૧ વર્ષના ગૌરવ દાગોઅકર નું સંગીત પણ હાર્ટલેસ મા વખણાયેલું આ અગાઉ ગૌરવ ફરાહખાનના પતિ શિરીષની ફિલ્મ જોકર માટે સંગીત આપી ચુક્યો છે.

આખી સ્ટોરીનું આખરી રીલ એ છે કે હિન્દી ફિલ્મસંગીતની નવી પેઢી આવી ચુકી છે પૂરી તૈયારીઓ સાથે. નવી તાજગી અને નવા -યોગો સાથે. બીબાઢાળ સંગીત અને શબ્દોથી નવી તરજો અને લહેકાઓ તરફ આપણને વાળનાર એ આર રહેમાનના રસ્તે આ નવા ગાયકો, સંગીતકારો કે દિગ્દર્શકો પગલા પાડી રહ્યા છે . ગીતલેખનમા જાવેદ અખ્તર કે ગુલઝાર હજુય અડીખમ જ છે પણ સાથે સાથે ઈર્શાદ કામિલ (ગુંડે ), પિયુષ મિશ્ર (ગેંગસ ઓફ વાસેપુર), સીમા સૈની (હાર્ટલેસ), અમિતાભ ભટ્ટાચાર્ય (૨ સ્ટેટ્સ), કૌશર મુનીર (હાઈવે) જેવી નવી અને વીવીધતાથી ભરપુર -તિભાઓ ઝળકી રહી છે . કરણ જોહર, મહેશ ભટ્ટ કે સંજય ભણશાળી તો છે જ પણ સાથે સાથે નીતેશ તિવારી (ભૂતનાથ રિટર્ન્સ), હસી તો ફસી (વિનીલ મેથ્યુ), શાદી કે સાઈડ ઈફેક્ટસ (સાકેત ચોધરી), ગુલાબી ગેંગ ( નિષ્ઠા જૈન ) દેઢ ઈશ્કિયા ( અભિષેક ચૌબે )... ઓહ યાદી ઘણી લાંબી થઈ શકે એમ છે. સ્થાપિત સર્જકો ની ભીડ મા પણ પોતાનું નામ ઉઝાળનાર આ નવી બોલીવુંડીયા પેઢી દ્વારા આવનારા દિવસો મા સિલ્વર સ્ક્રીન પર ક્વીન કે હાઈવે ની જેમ જ આપણને વિસ્ફારિત કરી મુકે એવું સંગીત, ગીતો અને ફિલ્મો જોવા મળવાની છે એ ચોક્કસ છે .

**રીમાંઈન્ડર**

૨૫ મી એ-લિ રીલીઝ થનારી શ્રરિવોલ્વર રાનીૡના -મો જોઈ ને એક વાત નો અંદાજ આવી જાય છે કે કંગના ફરી એક વાર આપણને થીયેટરો મા જવા મજબુર કરવાની જ...!!!!